પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૧, કુલ પાના:૪, તારીખ: ૦૩-૦૯-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 11 PRICE :-RS. 1.50 DATE : 03-09-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

જ્યાં સંક્રમણ વધુ છે ત્યાં લોકડાઉન કરશે મદદ: WHO

વેક્સીન વિના પણ કોરોના પર કાબૂ મેળવી શકાય છે: WHO



જીનીવા,

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું કહેવું છે કે યૂરોપ અને દુનિયાના અન્ય દેશ વેક્સીન વિના પણ કોરોના પર કાબૂ મેળવી શકે છે. સ્થાનિક રીતે લોકડાઉન કરીને તેને કાબૂમાં લઈ શકાશે. હુંના યૂરોપના નિર્દેશકે કહ્યું કે તેમને લાગતું નથી કે રાષ્ટ્રિય સ્તરે લોકડાઉન સફળ રહે છે. પણ સંક્રમણ ફેલાવવાનો ખતરો વધારે રહે છે ત્યાં તેની જરૂર વધારે હોય છે. હું ના યૂરોપના પ્રાદેશિક નિર્દેશક હેન્સ ક્લૂગે કહ્યું કે જ્યારે મહામારી પર વિજય પામીશું ત્યારે જરૂરી નથી કે તે વેક્સીનથી જ શક્ય છે. એવું ત્યારે થશે જ્યારે આપણે મહામારીની સાથે રહેવાનું શીખીશું અને આપણે એવું કરી પણ શકીએ છીએ.આ સિવાય તેઓએ કહ્યું કે શું આવનારા મહીનામાં સંક્રમણની સેકંડ વેવથી બચવા માટે ફરીથી મોટા પાયે લોકડાઉન લગાવવું પડી શકે છે.

તેઓએ કહ્યું કે મને આશા છે કે તેની જરૂર નહીં પડે પણ સ્થાનિક સ્તરે લાગનારા લોકડાઉનની શક્યતાની સંભાવનાને હટાવી શકાશે નહીં. ઈટાલીના વૈજ્ઞાનિકોએ કહ્યું કે કોરોના સંક્રમિત દર્દીને વાયરસને દૂર કરવામાં એકથી એક મહિનો લાગે છે. આ માટે પોઝિટિવ આવ્યા બાદ એક મહિના બાદ જ ફરીથી ટેસ્ટ કરાવવો જોઈએ. તેઓએ કહ્યું કે પાંચ નેગેટિવ ટેસ્ટ રિઝલ્ટમાં એક ખોટું થાય છે. ઈટાલીના મોડેના એન્ડ રેજિયો એમિલિયા યૂનિવર્સિટીના ડો. ફ્રાંસિસ્કો વેંતુરેલી અને તેમના સાથીઓએ ૧૧૬૨ દર્દીઓ પર સર્વે કર્યો છે. તેમાં કોરોના દર્દીઓના ફરી વાર ટેસ્ટિંગ ૧૫ દિવસ બાદ, ત્રીજી વાર ૧૪ દિવસ બાદ અને ચોથી વખત ૯ દિવસની કરાઈ છે. તેમાં ખ્યાલ આવ્યો છે કે પહેલાં જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો તે ફરીથી પોઝિટિવ આવ્યા છે. ઉલ્લેખનીય છે પાંચ લોકોના નેગેટિવ ટેસ્ટમાં એકનું રિઝલ્ટ ખોટું હતું. રિપોર્ટમાં ખ્યાલ આવ્યો કે ૫૦ વર્ષ સુધીના લોકોના ૩૫ દિવસ અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને સાજા કરવામાં ૩૮ દિવસ લાગ્યા હતા. નેપાલના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે રાજધાની કાઠમાંડૂ સહિત ૧૨ જિલ્લામાં કમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થયું છે. આ ૧૨ જિલ્લામાં ૭૩ ટકા એક્ટિવ કેસ છે. આ જિલ્લા મોરાંગ, સુનસરી, ધનુસા, મહોતરી, પરસા, બારા, રોતહત, સરલહી, કાઠમાંડૂ, લલિતપુર, ચિતવ અને રૂપનદેહી છે. આ દરેક હોટસ્પોટ બની ચૂક્યા છે. નેપાલમાં અત્યારસુધીમાં ૪૦ હજાર ૫૨૯ લોકો સંક્રમિત થયા છે અને ૨૩૯ લોકોના મોત થયા છે.

દર્દીને કોરોનાથી રાહત મેળવવામાં લાગશે એક મહિનાનો સમય

ડેટા મુજબ, ૧૦૦ લોકોમાં ૭૦.૨% પુરુષ અને ૨૯.૮% મહિલાઓએ આત્મહત્યા કરી

૨૦૧૯માં દરરોજ ૩૮૧ લોકોએ કરી આત્મહત્યા: NCRB ડેટા

ન્યુ દિલ્હી,

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરોના આંકડા અનુસાર ભારતમાં ૨૦૧૯માં દરરોજ સરેરાશ ૩૮૧ લોકોએ આત્મહત્યા કરી. આ રીતે આખા વર્ષમાં કુલ ૧,૩૯,૧૨૩ લોકોએ પોતાનો જીવ લઈ લીધો. એનસીઆરબીના આંકડાઓ અનુસાર, ૨૦૧૮ની તુલનામાં ૨૦૧૯માં આત્મહત્યાના મામલામાં ૩.૪%ની વૃદ્ધિ થઈ છે. ગયા વર્ષે જ્યાં ૧,૩૯,૧૨૩ લોકોએ આત્મહત્યા કરી હતી, તો ૨૦૧૮માં ૧,૩૪,૫૧૬ લોકોએ અને ૨૦૧૭માં ૧,૨૯,૮૮૭ લોકોએ આત્મહત્યા કરી હતી. આત્મહત્યાનાના ૪૯.૫ ટકા કેસ માત્ર પાંચ રાજ્યમાં, ૫૦.૫ ટકા કેસ ૨૪ રાજ્ય અને ૭ કેન્દ્રશાસિત પ્રદશોમાં સામે આવ્યા છે.

ભારતમાં પ્રતિ એક લાખ વસ્તી પર આત્મહત્યાનો દર ૨૦૧૮ની તુલનામાં આ વર્ષે ૦.૨ ટકાનો વધારો નોંધાયો છે. શહેરોમાં આત્મહત્યાનો દર ૧૩.૯ ટકા રહ્યો, બીજી તરફ સમગ્ર દેશમાં આત્મહત્યાનો દર ૧૦.૪ થી ઘણો વધારે છે. ૨૦૧૭માં ૧,૨૯,૮૮૭, જ્યારે ૨૦૧૮માં ૧,૩૪,૫૧૬ આત્મહત્યા નોંધવામાં આવી હતી. આત્મહત્યાનો દર (એક લાખની વસ્તી પર)માં પણ ૨૦૧૮ની તુલનામાં આ વર્ષે ૦.૨ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. એનસીઆરબીના ડેટા મુજબ, ૧૦૦ લોકોમાં ૭૦.૨% પુરુષ અને ૨૯.૮% મહિલાઓએ આત્મહત્યા કરી. ફાંસીથી ૫૩.૬ ટકા, ઝેર ખાઈને ૨૫.૮ ટકા, ડૂબવાથી ૫.૨ ટકા અને આત્મદાહ કરીને ૩.૮ ટકા લોકોએ આત્મહત્યા કરી.

આત્મહત્યાના ૩૨.૪% કેસોની પાછળ પારિવારિક વિવાદ: એનસીઆરબીના ડેટા મુજબ, તેમાંથી આત્મહત્યાના ૩૨.૪% કેસો પાછળ પારિવારિક વિવાદ કારણ હતા. ૫.૫% આત્મહત્યાની પાછળ લગ્ન અને ૧૭.૧% આત્મહત્યા પાછળ બીમારી મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે.

કચ્છમાં ૪.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

કચ્છ,

વરસાદી આફત વચ્ચે કચ્છમાં ભૂકંપનો મોટો આંચકો અનુભવાયો છે. કચ્છમાં ૪.૧ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો છે. બપોરે ૨ વાગીને ૧ મિનીટે પગ તળેથી ધરતી હલી જતા કચ્છવાસીઓ ઘરની બહાર દોડી ગયા હતા. દૂધઈથી નોર્થ ઈસ્ટમાં ૭ કિલોમીટર દૂર ભૂકંપનો આંચકો આવ્યો હતો. જોકે, જાનમાલના નુકશાનના કોઈ સમાચાર નથી મળ્યા. ભૂજ અને આજુબાજુના વિસ્તારોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારે ભરબપોરે લોકોએ ઘર બહાર દોટ મૂકી હતી. આ આંચકાની તીવ્રતા વધુ હોવાથી કચ્છવાસીઓને ૨૦૦૧ ના વર્ષના ભૂકંપની યાદ તાજી થઈ ગઈ હતી. આંચકો વધુ મેગ્નીટ્યુડનો હોવાથી ધ્રુજારી લાંબી ચાલી હતી. ભૂકંપના અતિ સક્રિય એવા ઝોન-પમાં આવતા કચ્છમાં સમયાંતરે નાના-મોટા અને અતિ વિનાશકારી આંચકાએ પેટાળને હલબલાવી નાખ્યું છે. ત્યારે કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઈન ફરી સક્રિય બનતાં આગામી વર્ષોમાં કચ્છમાં મોટી તીવ્રતા સુધીનો મોટો ભૂકંપ આવવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. ચાર-ચાર ફોલ્ટ લાઈન ધરાવતા કચ્છમાં ભૂકંપ અને આંચકા આવતા રહે છે. આંચકા અને નાના ભૂકંપ આવતા રહે તે એક રીતે સારી વાત સંશોધકો જણાવે છે. અને મોટા ભૂકંપને પાછો ઠેલાવે છે. જોકે કચ્છમાં એક મોટો ભૂકંપ ગમે ત્યારે આવી શકે છે તેવી ચોંકાવનારી વાત સંશોધનના અંતે બહાર આવી છે.

અમદાવાદની શાયોના ઈન્ટરનેશનલ સ્કૂલની દાદાગીરી

ફી ન ભરનારા વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું

અમદાવાદ,

કોરોનાકાળમાં રાજ્યભરની શાળાઓની દાદાગીરી સામે આવી છે. હાલ આવી જ એક ઘટના સામે આવી છે. અમદાવાદની શાયોના ઈન્ટરનેશનલ સ્કૂલની દાદાગીરી સામે આવી છે. ફી ન ભરનારા વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. ઓનલાઈન ક્લાસમાંથી વિદ્યાર્થીઓને રિમૂવ કર્યા હોવાના અહેવાલ સામે આવ્યા છે.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, અમદાવાદના ઘટલોડિયામાં આવેલી સાયોના ઈન્ટરનેશનલ સ્કૂલની દાદાગીરી સામે આવી છે. જે વિદ્યાર્થીઓની ફી ભરાઈ નથી તેવા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણથી દૂર કરવામાં આવ્યા હતા. આવા વિદ્યાર્થીઓને ઓનલાઈન ક્લાસમાંથી રિમુવ કરાયા હતા. લોકડાઉનના કારણે વાલીઓની આર્થિક સ્થિતિ કથળી છે ત્યારે આવા સંજોગોમાં ખાનગી સ્કૂલો દ્વારા દાદાગારી કરવામાં આવી રહી છે. શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓને સ્કૂલે રિમુવ કર્યા હતા.

ભારત સરકારની વધુ એક ડીજીટલ સર્જિકલ સ્ટ્રાઈક

PUBG સહિત ૧૧૮ એપ્સ પર મુક્યો પ્રતિબંધ

ન્યુ દિલ્હી,

ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સરહદ પર ભારત અને ચીનની વચ્ચે સરહદ પર તણાવ છે. ગલવાન ઘટના બાદ ભારતે ચીનની વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે, અને એક પછી એક ચાઈનીઝ પ્રોડક્ટ્સ અને ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ લગાવ્યો છે. ત્યારે હવે ભારત સરકારે વધુ ૧૧૮ ચાઈનીઝ એપ્લિકેશન પર પ્રતિબંધ મુક્યો છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ૧૫ જૂનના ગલવાન હિંસક અથડામણ બાદ સરકારે ૫૭ ચીની એપ્સ પર પ્રતિબંધ મુક્યો હતો. ત્યારબાદ ૨૮ જુલાઈના ૪૭ એપ્સને બેન કરી હતી. હવે ત્રીજીવાર સરકારે ૧૧૮ એપ્સ પર પ્રતિબંધ મુક્યો છે. આ રીતે અત્યાર સુધી સરકાર ૨૨૪ ચીની એપ્સ પર પ્રતિબંધ લગાવી ચુકી છે.

સરકારે જે ૧૧૮ એપ્સ બેન કરી છે તેમાં PUBG સૌથી વધારે ચર્ચાનો વિષય છે. ભારતીય યુવાધન PUBG પાછળ ઘણું જ ઘેલું છે, તો PUBGનાં કારણે અનેક હિંસાત્મક ઘટનાઓ પણ સામે આવી હતી. PUBG ઉપરાંત Baidu Express Edition, Face U p Inspire Your Beauty, Voo Meeting, Super Clear, WeChat Reading, Cyber Hunder જેવી એપ્લિકેશન્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

ભારત-ચીન વિવાદ વચ્ચે રક્ષામંત્રી રાજનાથસિંહ રશિયા રવાના

ન્યુ દિલ્હી,

ભારત-ચીન તણાવ વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહ આજે રશિયાના પ્રવાસ માટે રવાના થયા છે. રક્ષા મંત્રી રશિયાના ૩ દિવસના પ્રવાસ માટે રવાના થયા છે. આ ૩ દિવસોમાં તે શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભાગ લેશે. આ વચ્ચે સુત્રોએ જાણકારી આપી છે કે એસસીઓની બેઠકમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ ચીનના રક્ષામંત્રી સાથે મુલાકાત નહીં કરે.

૪ સપ્ટેમ્બરના રોજ રાજનાથ સિંહ એસસીઓની બેઠકમાં સામેલ થવાના છે. જાણકારી પ્રમાણે શાંઘાઈ સહયોગ સંગઠનની આ બેઠકમાં ચીનના રક્ષા મંત્રી વેન ફેંગ પણ સામેલ થઈ શકે છે. ભારત અને ચીનની વચ્ચે હાલના તણાવ વચ્ચે આ મહત્વપુર્ણ બેઠકમાં પહેલીવાર બંને દેશ આમને-સામને હશે. આ સંગઠનમાં ભારત અને રશિયાની સાછે ચીન પણ સભ્ય છે.

રાજનાથ સિંહ આ બેઠકમાં ભાગ લીધા બાદ પાંચ સપ્ટેમ્બરે ભારત પરત ફરશે. પાંચ સપ્ટેમ્બરની સાંજે રાજનાથ સિંહ મોસ્કોથી દિલ્હી પરત ફરશે. ભારત અને ચીન વચ્ચે લદ્દાખમાં હાલમાં થયેલી અથડામણ વચ્ચે રાજનાથ સિંહની મોસ્કો યાત્રા અને એસસીઓની બેઠક ખુબ જ મહત્વપુર્ણ છે. આ બેઠકમાં રાજનાથ સિંહ ચીન સામે કડક આપત્તિ દર્શાવે તેવું પણ માનવામાં આવી રહ્યું છે.

US-ભારતની ત્રીજી 'લીડરશીપ સમિટ' નું સંબોધન કરશે વડાપ્રધાન મોદી



વોશિંગ્ટન,

યુએસઆઈએસપીએફનો વાર્ષિક કાર્યક્રમ શરૂ છે. આ આગાઉ એમેરિકાના ઉપરાષ્ટ્રપતિ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. જોકે વિદેશ પ્રધાન એસ જયશંકરે પણ ચર્ચામાં ભાગ લીધો હતો. જે બાદ હવે વડાપ્રધાન મોદી સંમેલનના ત્રીજા લીડરશિપ સમિટને સંબોધિત કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે યુએસ-ભારત સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશીપ ફોરમની ત્રીજી 'લીડરશીપ સમિટ' નું સંબોધન કરશે. યુએસઆઈએસપીએફ ના પ્રમુખ મુકેશ અધીએ કહ્યું કે, 'અમે સમ્માનિત અનુભવ કરી રહ્યા છીએ કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુએસઆઈએસપીએફના વાર્ષિક કાર્યક્રમને સંબોધવા માટે સમય આપ્યો. આ વર્તમાન પડકારરૂપ વાતાવરણમાં યુએસ-ભારત સંબંધોનું મહત્વ દર્શાવે છે. તેમણે કહ્યું કે, આ બંને દેશો માટે લાભદાયક ભાગીદારી છે, જે ભૌતિક-રાજકીય, વ્યવસાયિક, સાંસ્કૃતિક, રાજદ્વારી અને વૈજ્ઞાનિક ભાગીદારી પર પરસ્પર આધારિત છે.યુએસ વાઈસ પ્રેસિડેન્ટ માઈક પેન્સે એક અઠવાડિયા ચાલનાર કોન્ફરન્સના પહેલા દિવસે સંબોધન કર્યું હતું. મંગળવારે ચર્ચામાં વિદેશ પ્રધાન એસ જયશંકરે પણ ભાગ લીધો હતો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ પ્રભાતસિંહ ચતુરભાઈ
તરફથી અભીનંદન....
મુ. ચંચોપા, તા. ગોધરા

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એસ. કે. વણકર
તરફથી અભીનંદન....
કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
પટેલ રાજેશકુમાર વી.
હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
આર.એન. દેસાઈ
મુ. ડેરોલ સ્ટેશન, તા. કાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

ICMR ના નેતૃત્વમાં દેશના ૬૦ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલ બીજા તબકકાની નેશનલ કોવિડ સેરો સર્વેની કામગીરી

લુણાવાડા,

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ ક્યાં ક્યાં ફેલાયું છે એ જાણવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના નેતૃત્વમાં મે-૨૦૨૦માં પ્રથમ તબકકાનો નેશનલ કોવિડ સેરો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે કરવા માટે દેશના વિવિધ રાજ્યોના ૬૦ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. આ સર્વે અંતર્ગત દરેક જિલ્લામાંથી રેન્ડમલી ૪૦૦ લોકોના સેમ્પલ મળી ૨૪ હજાર લોકોના સેમ્પલ લેવામાં આવનાર છે. આ સેમ્પલ લેવામાં આવ્યા બાદ તેનો એન્ટી બોડી ટેસ્ટ કરાશે. જેના ઉપરથી જાણવા મળશે કે દેશની વસ્તીમાં કેટલી હદ સુધી કોરોના વાયરસ ફેલાયો છે.

આ એન્ટી બોડી ટેસ્ટ વ્યક્તિના લોહીના નમૂનાથી મહત્વપૂર્ણ જાણકારી આપે છે. જે કોઈ વ્યકિત આ વાયરસના ઈન્ફેક્શનનો ભોગ બન્યો હતો કે નહીં તેની પણ જાણકારી આપે છે. એન્ટીબોડી એ હકીકતમાં એક પ્રોટીન્સ છે. જે ઈન્ફેક્શન સામે લડવામાં મદદ કરે છે.

દેશનાં વિવિધ રાજ્યોના જે ૬૦ જિલ્લાઓમાંથી લોહીનાં નમુના લેવામાં આવનાર છે. તેનાથી જાણી શકાશે કે તેને ઈન્ફેકશન થયું હતું કે નહીં. નેશનલ કોવિડ સેરો સર્વે અંતર્ગત દેશના વિવિધ રાજ્યોમાંથી જે ૬૦ જિલ્લા પસંદ કરવામાં આવ્યા હતા તેમાં ગુજરાત રાજ્યના મહીસાગર,

તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

નર્મદા અને સાબરકાંઠા ત્રણ જિલ્લાની પસંદગી કરવામાં આવી હતી.

આ સર્વે અંતર્ગત મહિસાગર જિલ્લાની પસંદગી થતા જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સ્વપિનલ શાહની રાહબરી હેઠળ મે-૨૦૨૦માં પ્રથમ તબકકાની સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સર્વેની કામગીરી હાથ ધરવા માટે જિલ્લા ક્ષય અધિકારી એચ.વી.પરમારની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

મહિસાગર જિલ્લામાં પ્રથમ તબકકાની હાથ ધરવામાં આવેલ સર્વેની કામગીરી રેન્ડમલી જિલ્લાના નવ ગામો અને બાલાસિનોર અર્બનની પસંદગી કરવામાં આવી હતી. જિલ્લાના જે નવ ગામોની પસંદગી કરવામાં આવી હતી. તેમાં ફળવા, ઉખરેલી, માળ, નાના વડદલા, માખલીયા, લકડીપોચડા, વઘાસ, ફતાજીના ભેવાડા, ઘાટી નો સમાવેશ કરવામાં આવ્યોં હતો. તેજ ગામોમાં પુનઃ બીજા તબકકાની સેરો સર્વેની કામગીરી તા. ૩૧મી ઓગસ્ટવ અને ૧લી સપ્ટોમ્બાર, ૨૦૨૦ના રોજ હાથ ધરીને આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

મહિસાગર જિલ્લામાં નેશનલ કોવિડ સેરો સર્વે અંતર્ગત હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતો આપતા નોડલ અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારી એચ.વી. પરમારે જણાવ્યું કે જિલ્લામાં રેન્ડમલી પસંદગી કરવામાં આવેલ દરેક ગામમાંથી ૪૦-૪૦ મળી કુલ ૪૦૦ સેમ્પલ લેવામાં આવ્યા છે.

આ દરેક ગામની મુલાકાત દરમિયાન સર્વેની કામગીરીમાં ICMR અને રાજ્ય-જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ સાથે હતી. કામગીરી દરમિયાન દરેક ગામમાં વસવાટ કરતાં રહેવાસીઓની મુલાકાત લઈ ગામની ચારેય દિશાઓમાંથી રેન્ડમલી વ્યકિતઓની પસંદગી કરવામાં આવી હતી. જે દરમિયાન દરેકને તેની સમજ આપવાની સાથે કુટુંબમાં રહેતા ૧૦ વર્ષથી ઉપરના વ્યકિતઓ સ્ત્રી-પુરૂષની માહિતી એકત્ર કરી ને તેને મોબાઈલ એપ્લિકેશનમાં વિગતો ભરવામાં આવતી હતી.

જે વ્યકિતઓના સ્થળ ઉપર બ્લડના સેમ્પલ લેવામાં આવ્યા હતા તે સેમ્પલમાંથી સીરમ સેમ્પલ છુટું પાડી આ સીરમ સેમ્પલ કોલ્ડ ચેઈનમાં અમદાવાદ મોકલી આપવામાં આવેલ છે. જ્યાંથી આ સેમ્પલ ચેન્નાઈ સ્થિત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ રીસર્ચ ઈન ટ્યુબરક્યુલોસિસ (NIRT) અને ઈંઈખછનેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એપિડેમાયોલોજી (NIE) ની પ્રયોગશાળામાં મોકલવામાં આવશે.

આ અંગેની વધુ જાણકારી આપતાં પરમારે કહ્યું કે, આ ટેસ્ટ કરવા પાછળનો મુખ્ય હેતુ SARS COVID-19 ની એન્ટી બોડીની ખબર પડવાની સાથે તેના કોમ્યુનિટીમાં ઈન્ફેકશન અંગેની જાણકારી મળી રહે છે. જે કોમ્યુનિટીમાં COVID-19 નો સામનો કરવા ટેસ્ટીંગ, કોન્ટેક્ટ ટ્રેસીંગ વિગેરે બાબતોની રૂપરેખા (સ્ટ્રેટેજી) ઘડવામાં પણ મદદરૂપ થઈ શકશે. આ સમગ્ર કામગીરી ICMR અને રાજ્ય આરોગ્ય વિભાગના સહયોગથી જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા પરિપૂર્ણ કરી દેવામાં આવી છે.

આ સર્વે નો મુખ્ય ઉદ્દેશ દેશના વિવિધ જિલ્લાઓમાં ઈન્ફેકશનની જાણકારી મેળવવાનો છે. જેમાં ટેસ્ટિંગ માટે પુણેની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાયરોલોજી (NIV) એ બનાવેલી કોવિડ કવચ એલિસા કિટ્સનો ઉપયોગ કરવામાં આવશે. આ એન્ટિબોડીઝ ટેસ્ટ વસ્તીમાં કોરોના કેટલી હદ સુધી ફેલાયો છે તેની જાણકારી મેળવવા માટે કરવામાં આવી રહ્યો છે.

આમ આ નેશનલ કોવિડ સેરો સર્વે આગામી સમયમાં રાષ્ટ્રીય કક્ષાએ કોરોના, (COVID-19) સામે લડવા અને રક્ષણ મેળવવા માટેની નવી રણનીતિ ઘડવામાં પણ ઉપયોગી નીવડશે.

જિલ્લાન વિકાસ અધિકારી નેહા કુમારીએ મહીસાગર જિલ્લાકમાં બીજા તબકકામાં હાથ ધરવામાં આવેલ નેશનલ સેરો સર્વેલન્સાની કામગીરી બે દિવસમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ જિલ્લાર-તાલુકાના આરોગ્ય કર્મચારીઓની ટીમની કામગીરીને બિરદાવી હતી. તેમજ રાજ્ય અને આઈસીએમઆરની ટીમે પણ જિલ્લાકની આ ટીમની સર્વેલન્સની કામગીરીથી સંતોષ વ્યકત કર્યો હોવાનું જણાવ્યુ છે.

વિરપુર તાલુકા હેલ્થ કચેરીના બાર પ્રાથમિક આરોગ્ય ખાતે રકતદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લાઓ આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાયમાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં વિરપુર તાલુકા હેલ્થર કચેરીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાર ખાતે ડો. મેહુલ અને તેમની ટીમ તેમજ રેડ ક્રોસ

સોસાયટીની ટીમ દ્વારા ગઈકાલે તા. ૧લી સપ્ટેમ્બરના રોજ રક્તદાન કેમ્પ યોજાઈ ગયો.

આ રકતદાન કેમ્પરમાં ૪૭ જેટલા રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી અન્યોરને પ્રેરણા પૂરી પાડી હતી.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનના દિશાનિર્દેશોનું પાલન અને ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રક્તદાન કરાવવામાં આવ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુ રહિત રહે તેનું સુચારૂ આયોજન કર્યું હતું. સાથે આ રકતદાન કેમ્પમાં રકતદાન કરનાર દરેક રકતદાતાને રેડક્રોસ સોસાયટી પંચમહાલ દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ રક્તદાન કેમ્પમાં ૪૭ યુનિટ બ્લડ કલેક્શન કરવામાં આવ્યું હતું. રક્તદાન એ શ્રેષ્ઠ મહાદાન છે જે કોરોનાના દર્દી, એનેમિક સગર્ભા બહેનો અને થેલેસેમિયાના દર્દીઓને પણ જરૂર પડે તો આ સંગ્રહ કરેલ રક્તનો પ્રવાહ પહોંચાડી શકાય તે માટે કોરોના મહામારીના સમય વચ્ચે પણ આ રકતદાન કેમ્પ જન ઉપયોગી બની રહ્યો હતો.

મહીસાગર જિલ્લામાં આજે ૦૮ પોઝિટિવ કેસ નોંધાયા

- અત્યાર સુધી જિલ્લામાં કોરોના ના કુલ ૭૦૧ પોઝીટીવ કેસ નોંધાયા
- આજે ૦૬ દર્દી સ્વસ્થ થતા રજા આપવામાં આવી.
- આમ અત્યાર સુધીમાં ૫૯૨ દર્દીઓ સ્વસ્થ થઈ સ્વ ગૃહે પરત ફર્યા.
- હાલ ૭૩ દર્દીઓ સારવાર હેઠળ.
- જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૯૩૧ વ્યકિતઓના કોરોના ના રીપોર્ટ નેગેટીવ આવ્યા.

લુણાવાડા,

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૪ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૯-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૬૯૩ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાકમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષો, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાનમાં અત્યાર સુધીમાં કુલ ૫૯૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૨૮ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૬ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૨૪૯૩૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૮૧ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૩ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૧ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૩ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ દર્દી સિવિલ હોસ્પિકટલ અમદાવાદ, ૦૪ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૦ દર્દી SDH સંતરામપુર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૭ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ વેન્ટિલેટર પર છે.

નકલી પરિવારના સહારે યુવાન સાથે લગ્ન કરી પૈસા અને સોનું લઈ યુવતી ફરાર

વડોદરા,

વડોદરામાં યુવક સાથે લગ્ન કર્યા બાદ લૂંટેરી દુલ્હન દોઢ લાખ રૂપિયા રોકડા, સોના ચાંદીના દાગીના અને મોબાઈલ ફોન સહિતની મત્તા લૂંટીને ફરાર થઈ ગઈ છે. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આણંદની યુવતી સહિત ૬ શખ્સ વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેર નજીક આવેલા કરચિયા ગામની બળદેવનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો આકાશ કોળી છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

પોલીસ ફરિયાદમાં આકાશે જણાવ્યું હતું કે, મારા ઘરે કલર કામ માટે આવેલા અકબર નામના વ્યક્તિને મે કહ્યું હતું કે, મારે લગ્ન કરવા છે, તો કોઈ છોકરી હોય તો બતાવજો, જેથી અકબરે રામપાલ રાજપૂત(રહે, ઈન્દિરાનગર, કરચિયા ગામ)નો સંપર્ક કરાવ્યો હતો, ત્યારબાદ રામપાલે અન્ય મણિલાલ નામના વ્યક્તિ સાથે સંપર્ક કરાવતા તેણે લગ્ન પેટે ૫૦ હજાર રૂપિયાની માંગણી કરતા મે ચુકવણી કરી હતી, ત્યારબાદ આણંદ ખાતે રહેતા પરેશ પંચાલને મળીને છોકરી જોવા માટે રાસ ગામમાં આવેલા એકલવ્ય એપાર્ટમેન્ટમાં ગયા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૦૩-૯-૨૦૨૦, ગુરૂવાર, ભાદરવા વદ-એકમ
સૂર્યોદય-૬-૩૧, સૂર્યાસ્ત-૭-૦૨, જૈન નવકારશી-૭-૪૦,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	- શુભ ચોઘડીયા - ૬-૩૧ થી શુભ-૮-૦૫ સુધી, ૧૧-૧૨ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૩ સુધી, ૧૭-૨૭થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૩ સુધી, - શુભ હોરા- ૬-૩૧ થી ૭-૩૪ સુધી, ૯-૩૯થી ૧૨-૪૬ સુધી, ૧૩-૪૮થી ૧૪-૫૧ સુધી, ૧૬-૫૬થી ૧૯-૫૮ સુધીટ્ટ

દૈનિક રાશીફળ

તા.૦૩.૦૯.૨૦૨૦ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- મહત્વનો હોદ્દો મેળવવાના પ્રયત્નો ફળવાના પ્રતિષ્ઠામાં વધારો થવાનો લગ્નજીવનમાં ગેરસમજોથી દૂર રહેજો.
વૃષભ (બ.વ.ઉ.) :- સગાઈ લગ્નના કાર્યને લઈને પ્રવાસનો યોગ થાય નાણાકીય બાબતોને લઈને પરશાની રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું.
મિથુન (ક.છ.ઘ.) :- નજીકતા સગા સ્નેહીજનો સાથે સુમેળ રાખવો નવી યોજનામાં જાળવવું ભૌતિક સુખ સગવડતાઓ વધે પ્રવાસ થાય.
કર્ક (ડ.હ.) :- રાજકીય વ્યકિતઓ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય. લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ લગાવ વધવાનો.
સિંહ (મ.ટ.) :- નકારાત્મક વિચારોથી દૂર રહેજો. ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો ઈલેકટ્રોનિક ચીજ વસ્તુ પાછળ ખર્ચ કરવો પડે.
કન્યા (પ.ઠ.ણ.) :- નોકરીમાં બદલીના ચાન્સ મિલ્કતના પ્રશ્નોમાં સાવધાની રાખવી. લગ્ન ઈચ્છુકોને સફળતા વાળો સમય.
તુલા (ર.ત.) :- નોકરીમાં વાતાવરણ સુમેળ ભર્યુ રહેવાનું નવી ઓફર પણ આવે. લગ્નજીવનમાં ગેર સમજોથી જાળવજો.
વૃશ્ચિક (ન.ય.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે. લકઝરી ચીજ વસ્તુની ખરીદી થાય સ્વાસ્થ્ય બાબત સુધારો રહેવાનો.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- રાજકારણમાં સફળતા મલવાની નકારાત્મક વિચારોથી દૂર રહેજો. નોકરીમાં બદલીની શકયતા કર્જમાં રાહત.
મકર (ખ.જ.) :- ખાવાપીવા બાબત તકેદારી કેળવજો લકઝરી ચીજ વસ્તુનો લગાવ વધે. કર્મચારી વર્ગની સાથે મહત્વની ચર્ચા
કુંભ (ગ.શ.સ.) :- આધ્યાતિમક વિચારોમાં વધારો થવાનો. યુવા વર્ગને રોમાન્સમાં સફળતા-જીવનમાં ઉત્સાહ વધવાનો મિત્રોની લાભ
મીન (દ.ચ.ઝ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના વિદેશથી લાભ રહે. શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે. પ્રવાસ થાય.

૨૪ કલાકમાં ૭૮,૩૫૭ નવા કેસ નોંધાયા

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૪૫ કોરોના દર્દીના મોત, ૮.૦૧ લાખ એક્ટિવ કેસ

ન્યુ દિલ્હી,

કોરોના સંક્રમિત લોકોની સંખ્યામાં મંગળવારે આંશિક ઘટાડો નોંધાયા બાદ બુધવારે જાહેર થયેલા આંકડામાં ફરી મોટો ઉછાળો નોંધાયો છે અને પોઝિટિવ કેસોનો આંક ૭૮ હજારને પાર થઈ ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૭૮,૩૫૭ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧૦૪૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૭,૬૯,૫૨૪ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨૯ લાખ ૧ હજાર ૯૦૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૦૧,૨૮૨ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૬૬,૩૩૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. નોંધનીય છે કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ

બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૪,૪૩,૩૭,૨૦૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગઈ કાલે નવા કેસમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો પરંતુ આજે ફરીથી નવા દર્દીઓ વધી ગયા છે. આ સાથે જ કોરોનાના કુલ કેસનો આંકડો ૩૭,૬૯,૫૨૪ પર પહોંચ્યો છે. જેમાંથી ૮,૦૧,૨૮૨ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે અને ૨૯,૦૧૯,૦૯ લોકો કોરોનાને માત આપીને સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં ૧૦૪૫ લોકોના મોત થયા છે.

આ સાથે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૬૬,૩૩૩ થયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં ૧ સપ્ટેમ્બર સુધીમાં ૪,૪૩,૩૭,૨૦૧ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૦,૧૨,૩૬૭ નમૂનાનું ગઈ કાલે પરીક્ષણ કરાયું. ભારતમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. આ બધા વચ્ચે બધાની નજર કોરોના વેક્સિન પર છે. કારણ કે એવું માનવું છે કે વેક્સિન આવતા જ લોકોની જિંદગી પાછી પાટા પર દોડશે. પરંતુ એક નવા સ્ટડીમાં વિશેષજ્ઞોએ આ વાયરસને વારંવાર રંગરૂપ બદલતો જોયો છે. જે ખુબ ચિંતાનો વિષય છે. જો વાયરસ

૧ સપ્ટેમ્બર સુધીમાં દેશમાં કુલ ૪,૪૩,૩૭,૨૦૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું, કુલ કેસનો આંકડો ૩૭,૬૯,૫૨૪ પર પહોંચ્યો, ૨૯,૦૧૯,૦૯ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે

વારંવાર રંગરૂપ બદલતો રહે તો પછી વેક્સિનની અસરમાં પણ ફરક પડશે અને શક્ય છે કે વેક્સિન પણ આ વાયરસના સંક્રમણને રોકી ન શકે. જર્નલ ઓફ લેબોરેટરી ફિઝિશિનનો આ રિપોર્ટ ૧૩૨૫ જીનોમ, ૧૬૦૪ સ્પાઈક પ્રોટીન અને ૨૭૯ આંશિક સ્પાઈક પ્રોટીનના વિશ્લેષણ પર આધારિત હતો. આ તપાસ નમૂનાને ૧ મે સુધી અમેરિકાના નેશનલ સેન્ટર ફોર બાયોટેક્નોલોજી ઈન્ફોર્મેશનમાં રાખવામાં આવ્યાં અને ત્યાં તેના પર રિસર્ચ કરાયું. તજજ્ઞોએ કહ્યું કે અમેરિકાથી એસએઆરએસ-સીઓવી-૨ના જીનોમથી કાઢવામાં આવેલા પ્રોટીનમાં મોટાભાગે આનુવંશિક પરિવર્તન જોવા મળ્યું. સિંહે કહ્યું કે વાયરસ અલગ અલગ વાતાવરણના સંપર્કમાં આવવાથી પોતાની આનુવંશિક સંરચનાને બદલવા માટે જાણીતો છે.

પરંતુ આ મામલે, પરિવર્તન ખુબ ઝડપથી થઈ રહ્યું છે. અમને ખબર નથી કે તે બીમારી ફેલાતા કેવી રીતે અસર કરશે. આ અભ્યાસમાં અનેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે ભાગ લીધો હતો. જેમાં ચેપી રોગો અને વૈશ્વિક આરોગ્ય કાર્યક્રમમાં પ્રતિરક્ષા, મેકગિલ યુનિવર્સિટી સ્વાસ્થ્ય કેન્દ્રના અનુસંધાન સંસ્થાન અને મેકગિલ ઈન્ટરનેશનલ ટીબી સેન્ટર, કેનેડાના તજજ્ઞો સામેલ હતાં. અભ્યાસમાં કહેવાયું છે કે સ્પાઈક પ્રોટીન વેક્સિનના વિકાસનો પ્રમુખ લક્ષ્ય હતો પરંતુ વૈશ્વિક સ્તર પર ઉપલબ્ધ તમામ જીનોમમાં એન્ટીજેનિક એપિટોપમાં અનેક પરિવર્તન જોવા મળ્યાં. અભ્યાસમાં કહેવાયું છે કે નાના સમયગાળાની અંદર કોવિડ-૧૯ વાયરસના સ્વભાવમાં પરિવર્તન થઈ શકે છે. જો કે તે જણાવે છે કે તેના માટે રસી વિક્સિત કરવી એક પડકારભર્યું છે. તમારા બોડીમાં એન્ટીબોડી તૈયાર જ ન થાય તેની પાછળનું એક મોટું કારણ મ્યુટેશન હોઈ શકે છે. જે દર્શાવે છે કે મ્યુટેન્ટથી સંક્રમિત રોગીઓમાં ખુબ ઓછી કે શૂન્ય એન્ટીબોડી હશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદ લેન્ડ રેકર્ડના અધિકારીઓને કલેકટર દ્વારા માર મારવામાં આવતા રાજયભરમાં પ્રતિક ઉપવાસ

દાહોદ,

ગત જુલાઈ માસમાં દાહોદ જિલ્લાની ડી.આઈ.એલ.આર. કચેરીના બે કર્મચારીઓને કલેકટરે ગુસ્સે ભરાઈને કોઈપણ કારણ વગર ગદડાપાટુનો માર મારવાનો બનાવ વિરોધ કરાયો છે. ગુજરાત રાજય એન્ડ રેકર્ડ વર્ગ–૩ કર્મચારી મંડળે આગામી ૧૫ સપ્ટેમ્બર સુધી રોજ કાળીપટ્ટી ધારણ કરી પ્રતિક ઉપવાસ કરી વિરોધ દર્શાવવાના કાર્યક્રમનુ આયોજન કરાયુ છે.

ગુજરાત રાજય લેન્ડ રેકર્ડ વર્ગ–૩ કર્મચારી મંડળે મહેસુલ વિભાગમાં નાયબ સચિવને કરાયેલ રજુઆતમાં જણાવ્યુ હતુ કે, ડી.ડી.પટેલ સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ ગોધરા જેઓ ડી.આઈ.એલ.આર. દાહોદનો વધારાનો હવાલો સંભાળે છે. તથા વી.એન.સોલંકી, સિનીયર સર્વેયર ડી.આઈ.એલ.આર.કચેરી દાહોદના અધિકારીઓને તા.૭/૭/૨૦ના રોજ એકત્રિકરણ અધિકારીઓની અધ્યક્ષતામાં યોજાયેલ ચાલુ એકમમાં કલેકટર દાહોદની સુચના મુજબ તેઓના બોડીગાર્ડને મોકલીને કલેક્ટર સાહેબ બોલાવે છે તેમ કહીને ચેમ્બરમાં બોલાવાયા હતા. આ બંને ચેમ્બરમાં જતા કલેકટર સીધા ગુસ્સે થઈ કોઈપણ કારણ વગર તેમને બે ડંડા મારી તથા ગદડાપાટુનો મારી મારી મુંઢ મારેલ છે. અને બોડીગાર્ડ દ્વારા પણ ઉપરાછાપરી ડંડાઓ મારતા શરીર ઉપર માર મારવાના નિશાન પણ પડી ગયા હતા. જેથી કેવા કારણોસર માર મારવામાં આવે છે તો કલેકટરે જણાવેલ કે મારે તને જવાબ આપવાનો નથી તથા કલેકટર તરીકે મારે માર મારવાનો પાવર છે. તેમ જણાવેલ હતા. તુ મને ઓળખતો નથી તથા તારી નોકરી ખતમ કરી નાંખીશ, તથા તારા વિરુદ્ધમાં સરકારમાં રજુઆત કરી ઘરે બેસાડી દેવાની ધમકીઓ આપી હતી. તુ આ જિલ્લામાં કેવી રીતે નોકરી કરીશ તેમ કહેતા કલેકટરે જણાવ્યુ કે, દાહોદ સ્માર્ટ સિટીની માપણી કરીને મારા હાથમાં શીટ નથી આપી. તુ દબાણ કરનાર ઈસમ સાથે સાંઠગાંઠ કરી મસમોટી રકમ લીધેલ છે. તે મારી જાણમાં છે. હું પોલીસ ફરિયાદ કરીશ તેવી કલેકટરે ધમકીઓ આપી હતી. આ ઘટના અંગે ત્યારબાદ બંને અધિકારીઓએ ઉચ્ચકક્ષાએ જાણ કરી બનેલ ઘટના વહીવટી દ્રષ્ટિએ ઉચિત નથી આવી ઘટના કોઈપણ કર્મચારી ઘટી શકે તેમ છે. જે બાબતે ન્યાયની માંગ કરી હતી. ત્યારબાદ મંડળે નાયબ સચિવ મહેસુલ વિભાગ ગાંધીનગરને રજુઆત કરી હતી. આથી આ ઘટનામાં યોગ્ય પગલા લેવાય તે માટે ગુજરાત રાજય લેન્ડ રેકર્ડ વર્ગ–૩ કર્મચારી મંડળે તા.૩૧ ઓગષ્ટથી તા.૧૫ સપ્ટેમ્બર સુધી કાળી પટ્ટી ધારણ કરી ઉપવાસ કરી વિરોધ દર્શાવવાનુ આહવાન પંચમહાલ, દાહોદ, મહીસાગર અને રાજયભરના કર્મીઓએ માસ સીએલ જેવા કાર્યક્રમો આપી આંદોલનના શ્રીગણેશ કર્યા છે.

એચીવર પ્રિસાયન્સ સ્કૂલ લીમડીમાં માટીના ગણેશજીનું કુંડામાં વિસર્જન

લીમડી,

ચાલુ વર્ષે સમગ્ર વિશ્વ કોરોનાનાં ભરડામાં છે, તેમજ શાળાઓ પણ બંધ છે, બાળકો સ્કૂલે આવતા નથી ત્યારે લીમડીની એચીવર પ્રિ–સાયન્સ સ્કૂલમાં ઈકોફ્રેન્ડલી માટીના ગણેશજીની વિધિ વિધાનથી સ્થાપના કરવામાં આવી હતી. દરરોજ સોશ્યલ ડિસ્ટન્સ સાથે અમુક સ્ટાફ દ્વારા શાળામાં આવી પૂજા આરતી કરવામાં આવતી હતી. આજ રોજ એચીવર પ્રિ–સાયન્સ સ્કૂલ, લીમડીમાં ઈકોફ્રેન્ડલી માટીના ગણેશજીની પૂજા–આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ પાણીના કુંડામાં હર્ષોલ્લાસ સાથે ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

કુંડામાં ઈકોફ્રેન્ડલી માટીના ગણેશજીનું વિસર્જન કરતા માટી તેમાં ઓગળી જશે અને આ પવિત્ર પૂજન દ્વારા વાઈબ્રેટ માટીમાં છોડ રોપવામાં આવશે.

દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરાના પોઝીટીવ કેસ નોંધાયા

જીલ્લામાં અત્યાર સુધી ૧૧૮૯ પોઝીટીવ કેસ થયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કુલ આંકડો ૧૧૮૯ ને પાર પહોંચી જવા પામ્યો છે. આજે ૧૧ લોકોએ કોરોના સામે જંગ જીતતા તેઓની હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને આ સાથે એક્ટીવ કેસ ૧૫૫ રહેવા પામ્યા છે અત્યાર સુધી કોરોનાથી ૫૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આજે ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓ પૈકી (૧) પટેલ સુરેશ વી (ઉ.૨૯ રહે. વચલુ ફળીયુ રૂવાબારી દે.બારીયા), (૨) રૂકૈયા ઈસ્માઈલ રાસીદવાલા (ઉ.૫૦ રહે. કાપડી ધાનપુર રોડ દે.બારીયા), (૩) સીધી જેંન્તીરામ ચંદાની (ઉ.૪૦ રહે. ગોદી રોડ દાહોદ), (૪) મહાવર કેસરબેન પ્રેમચંદ (વ.૫૭ રહે. નર્સીંગ કોલોની ગોધરા રોડ દાહોદ), (૫)મામદાણી વિનય નરેન્દ્રભાઈ (ઉ.૩૧ રહે. સ્ટેશન રોડ દાહોદ), (૬) શાહ રાજેશ જયંતિલાલ (ઉ.૫૫ રહે. ગોધરા રોડ લીમડી ઝાલોદ), (૭)શાહ હિમાંશુ રાજેશભાઈ (ઉ.૨૪ રહે. ગોધરા રોડ લીમડી ઝાલોદ), (૮) રાઠોડ અશોક મોહનભાઈ (ઉ.૩૩ રહે. લીંબચ ફળીયા કારઠ ઝાલોદ), (૯) નિનામા અવિનાશ બાબુભાઈ (ઉ.૧૮ રહે. મીઠા ચોક ઝાલોદ), (૧૦) પચાલ જશવંત કોદરભાઈ (ઉવ.૬૭ રહે. લુહારવાડા ઝાલોદ), (૧૧) પચાલ નિરૂબેન જશવંતભાઈ (ઉ.૫૨ રહે. લુહારવાડા ઝાલોદ), (૧૨) નિનામા શંકુતલા બાબુભાઈ (ઉ.૪૨ રહે. લુહારવાડા ઝાલોદ), (૧૩)પરીખ સેતુભાઈ પંકજભાઈ (ઉ.૪૫ રહે. હનુમાન નગર ઝાલોદ), (૧૪) પરીખ કવિતા પંકજભાઈ (ઉ.૪૩ રહે. હનુમાન નગર ઝાલોદ) અને (૧૫) નિસરતા સુનિતા ઈકલેશભાઈ (ઉવ.૨૫ રહે. સંગાડા ફળીયા મલવાસી ઝાલોદ) આમ, ઉપરોકત કોરોના દર્દીઓના રહેણાંક વિસ્તાર ખાતે આરોગ્ય તંત્ર દ્વારા સેનેટરાઈઝીંગ સહિતની કામગીરી હાથ ધરી દીધી છે.

ધાનપુરના ડુમકા ગામેથી ૨૭ હજારનો દારૂ ઝડપાયો

ધાનપુર,

ધાનપુર તાલુકાના ડુમકા ગામે એક મકાનમાં પ્રોહી જથ્થો હોવાની પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં પોલીસે વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૨૭,૪૭૦નો પ્રોહી જથ્થો જપ્ત કર્યાનું જાણવા મળે છે.

ધાનપુર તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૦૧મી સપ્ટેમ્બરના રોજ ડુમકા ગામે કાચલા ફળિયામાં રહેતા હિતેશભાઈ મગનભાઈ પસાયાના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં હિતેશભાઈ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મકાનની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ.૧૮૬ જેની કુલ કિંમત રૂા.૨૭,૪૭૦ નો પ્રોહી જથ્થો જપ્ત કરી ઉપરોકત વ્યકિત વિરૂધ્ધ ધાનપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દે.બારીયા પાલિકા પ્રમુખની ચુંટણીમાં ભાજપાના એક જુથમાંથી પડ્યા બે જુથ

દે.બારીયા,

દે.બારીયા નગરપાલિકાની બીજી ટર્મની ચુંટણી તા.૨૫.૮.૨૦૨૦ના રોજ પાલિકાના કોમ્યુનિટી હોલ ખાતે યોજાઈ હતી. પાલિકા પ્રમુખ માટે મહિલા સામાન્ય સીટ હોય જે માટે પુર્વ પ્રમુખ ડા.ચાર્મી સોની અને વર્તમાન ઉપપ્રમુખ દક્ષાબેન નાથાણીના નામો ચર્ચાઈ રહ્યા હતા. પક્ષના મેન્ડેટ માટે રાજકીય ગોડફાધર ગણાતા કેટલાક વિશ્લેષકોનું ધારેલું ગણિત આજે ખોટુ પડ્યુ હતુ. ભાજપાના એક જ પક્ષમાં રહી પાલિકાનો વહીવટ કરનાર બંને મહિલાઓ આજે ખુરશી માટે આમને સામને તે એક વિચારવા જેવી વાત કહી શકાય. ભાજપામાંથી ચુટાયેલ ડા.ચાર્મી સોનીએ પોતાનુ નામ ઉપપ્રમુખ તરીકે આવતા ચુંટણીની માંગ કરી હતી. જેમાં એક જ પક્ષના બે જુથ અલગ થઈ ગયા જેના કારણે બંને ઉમેદવાર ને સરખા વોટ મળ્યા. હવે વાત રહી પાલિકા પ્રમુખની જે માટે ચિઠ્ઠી ઉછાળવામાં આવી જેમાં દક્ષાબેન નાથાણીનુ નામ નીકળ્યુ હતુ અને પ્રમુખ તરીકે જાહેર કરાયા. એક જ પાર્ટીમાં થયું ભંગાણ અને એકબીજા ને બોલવા જેટલા પણ સંબંધ આજે રહ્યા નથી તેવી વાતો બારીયાની બજારમાં થઈ રહી છે. મળતી એક ખાનગી માહિતી મુજબ જે સભ્યોએ પ્રમુખના મેન્ડેટ વિરૂધ્ધ મતદાન કર્યું છે. તેમને પક્ષમાંથી હકાલપટ્ટી કરવા માટે ગાંધીનગર ખાતે રજુઆત કરવા માટે પણ તૈયારીઓ થઈ રહી છે. જ્યારે બીજી તરફ એવી પણ જાણકારી મળી છે કે ડા.ચાર્મી સોની પોતે ભાજપામાંથી ચુટાયેલ સદસ્ય હોય અને વર્ષોથી ભાજપામાં કાર્યરત હોવા છતા પણ કોંગ્રેસમાં ચુટાઈને ભાજપાનો કેસરીયો પહેરી પાલિકામાં ઉપપ્રમુખ બનેલા દક્ષાબેન નાથાણીના નામનુ મેન્ડેટ પાર્ટીએ આપ્યુ તેમા પોતાને મન દુઃખ હોય ભાજપાના પાર્ટી પ્રમુખ પાટીલને આ અંગે રૂબરૂમાં રજુઆત કરનાર છે અને જે માટે તેમને મીડિયામાં પણ જાહેરમાં નિવેદન આપ્યુ છે. દે.બારીયા પાલિકાના રાજકારણમાં હવે જનતામાં સવાલો થાય છે કે ખાસ જોવાનુ તો એ રહ્યુ કે રાજ્યમંત્રી ખાબડ આ બંને જુથોને સમજાવટ કરી એકમંચ પર ફરીથી લાવશે કે કેમ ? અને ભાજપાના મોવડીઓ પક્ષમાંથી કોને બરતરફ કરશે તેવુ દે.બારીયા નગરમાં ચર્ચાઈ રહ્યું છે.

દે.બારીયાના પાણીવાસણ ગામેથી બાઈકની ચોરી

દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકાના પાણીવાસણ ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. દેવગઢ બારીયા તાલુકાના વેડ ફળિયામાં રહેતા વિનોદભાઈ ભુલાભાઈ બારીયાએ ગત તા.૨૬મી ઓગષ્ટના રોજ પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે વિનોદભાઈ ભુલાભાઈ બારીયાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રતનમહાલના દુર્ગમ ગામોમાં વનવાસીઓ સુધી વીજળી પહોંચતા છવાઈ ખુશીની રોશની

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વીજળી શકિત સ્વરૂપ છે. માનવ જાતિને વીજળી મળ્યા બાદ અનેક સહુલિયત રૂપે શકિત મળી છે. ખાસ કરીને દૂરદરાજના વિસ્તારોમાં વીજળી પહોંચ્યા બાદ માત્ર રાત્રીના પ્રકાશની જ સુવિધા જ નહીં, પણ ખુશીઓને નવું સરનામું મળ્યું છે. આ વાતના સાક્ષી બની રહ્યા છે, દાહોદ જિલ્લાના દુર્ગમ વિસ્તારમાં આવેલા ગામો. રતનમહાલનો પર્વત એવો વિસ્તાર છે, જ્યાં વાહનો પણ માંડ પહોંચી શકે છે, ત્યાં આજે વીજળી પહોંચી જતાં વનવાસીઓના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

છેવાડાના માનવી વિકાસના ફળો પહોંચતા કરવાના રાજ્ય સરકારનો મૂળમંત્ર સાકાર કરતી આ વાત આદિવાસીઓની મુશ્કેલીઓની સુખદ નિરાકરણની સાક્ષી પૂરે છે. દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકામાં આવેલા રતનમહાલ અભયારણ્ય પ્રાકૃતિ સંપદાથી ભરપૂર છે. વનશ્રી પ્રવાસીઓની આકર્ષે છે. અહીંના જંગલમાં વસતા રીંછ જૈવિક સંપતિનું અણમોલ ઘરેણું છે. રતનમહાલના પર્વત ઉપર પણ પાંચ ગામો પૈકી ત્રણ ગામોમાં વનવાસીઓ વસવાટ કરે છે.

રતનમહાલ ઉપર આવેલા પીપરગોટા, અલિન્દ્રા અને ભૂવેરો ગામમાં વનવાસીઓ આજીવિકા માટે વિવિધ ખેતી સહિતની વિવિધ પ્રવૃત્તિ કરે છે. આરક્ષિત વન વિસ્તાર હોવાથી અહીં પહોંચવા માટે વન વિભાગની મંજૂરી લેવી પડે છે. વાહન લઈને તમે પીપરગોટા સુધી પહોંચી શકાય છે. પણ, અલિન્દ્રા અને ભૂવેરો જવા માટે તો પગપાળા જવું પડે ! હવે વિચાર કરો કે અહીં વીજળી કેવી રીતે પહોંચી હશે ?

વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વનવાસીઓની આ સમસ્યા ધ્યાને લીધી અને મધ્ય ગુજરાત વીજ કંપનીને વનવાસીઓના ઘર સુધી ઈલેક્ટ્રસિટી પહોંચાડવા જણાવ્યું. આમ શરૂ થયું વનવાસીઓના જીવનમાં પ્રકાશ પાથરવાનું રાજ્ય સરકારનું અભિયાન.

સાદી સમજ આપવામાં આવે તો સૌરાષ્ટ્રમાં અમરેલી જિલ્લાના જાફરાબાદથી શિયાળબેટ સુધી વીજલાઈન નાખવાની કામગીરી જેટલી કપરી હતી, એટલી જ અઘરી કામગીરી કંજેટાથી પીપરગોટા સુધીની પાંચેક કિલોમિટરની લાઈન નાખવાની હતી. રતનમહાનની તળેટી સુધી તો સરળતાથી વીજલાઈન આવી ગઈ. ત્યાંથી વન વિસ્તારમાં અને એ પણ પર્વત ઉપર અંડરગ્રાઉન્ડ લાઈન નાખવાની હતી.

વર્ષ ૨૦૧૦માં સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ એમજીવીસીએલ દ્વારા અહીં અન્ડર ગ્રાઉન્ડ વીજલાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી. અહીં ભૌગોલિક પડકારોની વચ્ચે કેબલ પાથરવામાં આવ્યો અને પીપરગોટા સુધી વીજળી પહોંચી. અલિન્દ્રા અને ભૂવેરો સુધી પોલ લઈ જવાનું કામ દુષ્કર હતું. પણ, આ કામ કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૧૩ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી અને આ ગામોમાં રોશની પહોંચી. વીજળી મળવાના કારણે ગ્રામજીવનમાં કેવા પરિવર્તન આવ્યા ? એ પીપરગોટા ગામના સવિતાબેન બકુલભાઈ વાંખળાના શબ્દોમાં જાણીએ.

તે કહે છે, લગ્ન બાદ ૧૯૯૯માં પીપરગોટા આવી ત્યારે અહીં વીજળી નહોતી. બધુ જ કામ દિવસ આથમે ત્યા સુધીમાં પૂર્ણ કરી લેવું પડતું હતું. રાત્રીના સમયે બહાર નીકળવું હોય તો મશાલ સળગાવી બહાર જવાનું. મશાલમાં અગ્નિપૂર્ણ થાય તે પહેલા ઘરે આવી જવું પડે. લોટ દળાવવા કે બીજા નાના મોટા કામો માટે પર્વત નીચે ઉતરી કંજેટા જવું પડતું હતું. રાતે બાળકો અભ્યાસ પણ કરી શકતા નહોતા. રાત્રે પંખા નહોતા એટલે મચ્છર કરડી ખાય, એવી હતી જિંદગી. ટીવી એટલે શું એ ખબર નહોતી. એવામાં વીજળી આવતા ભારે સરળતા થઈ ગઈ છે.

એક રસપ્રદ વાત એ છે કે રતનમહાલના આ ત્રણ ગામોમાં માત્ર એક જ ઔદ્યોગિક વીજજોડાણ છે અને તે સવિતાબેન ઘરાવે છે. તે પીપરગોટામાં અનાજ દળવાની ઘંટી ચલાવે છે. અનાજ દળાવવા માટે ત્રણેય ગામના લોકો તેમને ત્યાં જ આવે છે. આ પહેલા તળેટીમાં કંજેટા ખાતે જવું પડતું હતું. ઘંટીના કારણે સવિતાબેન મહિને પાંચછ હજાર કમાઈ લે છે.

સવિતાબેને ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે. તે પોતાના સંતાનોને સારી રીતે અભ્યાસ કરાવી રહ્યા છે. એક પુત્રી બીએસસી નર્સિંગનો અભ્યાસ કરી રહી છે. જ્યારે, પુત્રએ તાજેતરમાં ધોરણ ૧૦ની પરીક્ષા ફર્સ્ટ કલાસ સાથે પાસ કરી છે. સવિતાબેન પોતાના સંતાનોના સારા અભ્યાસ માટેનું એક કારણ વીજળી માને છે.

આવી જ વાત સગનીબેન વાખળા નામના એક વૃદ્ધા પણ કરે છે. તે કહે છે, વીજળી આવતા અમારા ઘરમાં પ્રકાશ આવ્યો છે. દિવા અને મશાલથી મુક્તિ મળી છે.

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા પીપરગોટામાં ૮૭, ભૂવેરોમાં ૭૬ અને અલિન્દ્રામાં ૫૦થી વધુ કનેક્શન આપવામાં આવ્યા છે. અહીં કામ કરતા લાઈનમેન શ્રી દિનેશભાઈ પરમાર રહે છે, શરૂઆતમાં તબક્કામાં પાણી ભરાવાના કારણે વીજલાઈનમાં સમયાંતરે સર્જાતા ફોલ્ટનું અમે તુરંત નિકાલ લાવી દેતા હતા. હજુ પણ અમે અલિન્દ્રા કે અન્ય ગામોમાં જ્યારે જ્યારે ફોલ્ટ સર્જાય ત્યારે ત્યાં ચાલીને જઈએ છીએ અને રિપેરિંગ કામ કરીએ છીએ.

તા. ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન દાહોદ ગ્રામ્ય, લીમખેડા, ગરબાડા ના વિવિધ વિસ્તારોમાં વીજપુરવઠો સમારકામ અર્થે બંધ રહેશે

દાહોદ,

આગામી તા. ૨ થી ૬ સપ્ટેમ્બર સુધી દાહોદ ગ્રામ્ય, લીમખેડા, ગરબાડા, દેવગઢ બારીયા, ધાનપુર, લીમડી, ફતેપુરા અને ઝાલોદના વિવિધ સબ ડીવીઝનના ૧૧ કેવી ફીડરો પર અગત્યનું સમારકામનું કામ કરવાનું હોય આ વિસ્તારના નીચે જણાવેલા ફીડર ધરાવતા વિસ્તારોમાં વીજપુરવઠો બંધ રહેશે. જેની નાગરિકોને નોંધ લેવા માટે મધ્ય ગુજરાત વીજ કંપની લી. ના દાહોદ જિલ્લાની વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર એસ.એલ. વર્માએ એક યાદીમાં જણાવ્યું છે.

તા. ૨ સપ્ટેમ્બરના રોજ ટાંડા, નવાગામ, મંડેર, મછેલાઈ, સીંગવડ, અભલોડ, જેસાવાડા, પાંદડી, દાદુર, ગુણા, મોટીઝરી, નગવાવ, ધોડાઝર, નાકટી, રૂપાખેડા, લીમડી, મલવાસી, ટાડાગોલા, કંકાસિયા, ડુંગરા, ઘૂઘસ, ફતેપુરા, માધવા, કદવાલ, માંડવી, સાપોઈ, નેનકી, તારમી ખાતે વીજપુરવઠો બંધ રહેશે.

તા. ૩ સપ્ટેમ્બરના રોજ ખરોદા, ગલાલિયાવાડ, વાઘનળા, પિસોઈ, સિંગવડ, માતવા, ઊંડાર, સાલિયા, રામા, તોયણી, ધોડાઝર, ઉમરીયા, કરમ્બા, કુણી, સિંગાપુર, લીમડી, માધવા, ડુંગરા, ઘુઘસ, ફતેપુરા, વેલપુરા, ગરાડું, માંડલી ખાતે વીજપુરવઠો બંધ રહેશે.

તા. ૪ સપ્ટેમ્બરના રોજ ઉકરડી, જમનાદાસ, ગલાલિયાવાડ, જેકોટ, મંડેર, મછેલાઈ, સીંગવડ, અભલોડ, જેસાવાડા, પાંદડી, વડ્ભેત, સેવાનિયા, ધોડાઝર, નાકટી, રૂપાખેડા, લીમડી, મલવાસી, ટાડાગોલા, કંકાસિયા, ડુંગરા, ઘૂઘસ, ફતેપુરા, માધવા, ગામડી, નેનકી, કદવાલ ખાતે વીજપુરવઠો બંધ રહેશે.

તા. ૫ સપ્ટેમ્બરના રોજ ખંગેલા, કટવારા, વાઘનળા, પીસોઈ, સીંગવડ, માતવા, ઊંડાર, કેઈકૂવા, વડ્ભેત, બારા, સેવાનિયા, પટવાન, વિસ્લંગા, મીરખેડી, રેંટિયા, બીલવાની, સિંગાપુર, માધવા, ડુંગરા, ઘુઘસ, ફતેપુરા, માધવા, કદવાલ, માંડલી, સાપોઈ, નેનકી, તારમી ખાતે વીજપુરવઠો બંધ રહેશે.

તા. ૬ સપ્ટેમ્બરના રોજ પાણીવેલા, કટારાનીપાલી, ઝરીબુજર્ગ, ગરબાડા, પંચવાડા, સીમાલિયા, ગોલ્લાવ, ભેદરવાજા, રીછવાની, ઘૂમલી, કંજેતા, ધાનપુર, મીરાખેડી, રેંટિયા, બીલવાની, સિંગાપુર, બોરિડા, મારગાડા, ઢધેલા, પીછોડા, નેનકી, કદવાલ ખાતે વીજપુરવઠો બંધ રહેશે.

એક વર્ષમાં ૪૨, ૪૮૦ ખેડૂતોએ આત્મહત્યા કરી, સૌથી વધુ બિહારમાં

ન્યુ દિલ્હી,

ભારતમાં ખેડૂતો અને શ્રમિકો દ્વારા કરાતા આપઘાતના ચોંકાવનારા આંકડા પ્રગટ થયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા પ્રગટ કરાયેલા આંકડા મુજબ ૨૦૧૯માં ૪૨ હજાર ૪૮૦ ખેડૂતો અને શ્રમિકોએ જીવન ટૂંકાવ્યું હતું. એમાંના ૪૫ ટકા ખેડૂતો-શ્રમિકો એકલા બિહારના હતા એટલે કે આપઘાતના કુલ આંકડાના ૪૫ ટકા આપઘાત એકલા બિહારમાં થયા હતા. આ રિપોર્ટમાં જણાવાયા મુજબ ૨૦૧૮માં થયેલા આપઘાત કરતાં ૨૦૧૯માં ખેડૂતોના આપઘાત ઘટ્યા હતા પરંતુ શ્રમિકોના આપઘાત પહેલા જેટલાજ હતા.

૨૦૧૮માં ૧૦, ૩૫૭ ખેડૂતોએ જીવનદોરી ટૂંકાવી હતી. એની તુલનાએ ૨૦૧૯માં ૧૦,૨૮૧ ખેડૂતોએ આપઘાત કર્યા હતા. આમ ખેડૂતોના આત્મહત્યાના બનાવો થોડા ઘટ્યા હતા. એથી ઊલટું શ્રમિકોના આપઘાત ૨૦૧૮ની તુલનાએ ૨૦૧૯માં વધ્યા હતા. ૨૦૧૮માં શ્રમિકોના આપઘાતનો આંકડો ૩૦,૧૩૨નો હતો જે વધીને ૨૦૧૯માં ૩૨,૫૫૯નો થયો હતો એટલે કે આગલા વર્ષની તુલનાએ ૨૦૧૯માં વધુ શ્રમિકોએ આપઘાત કર્યા હતા. આ રિપોર્ટમાં વધુમાં જણાવાયા મુજબ દેશમાં થતા કુલ આપઘાતનો આશરે સાડા સાત ટકા જેટલો હિસ્સો ખેતીવાડી સાથે સંકળાયેલો હતો. ૨૦૧૮માં ભારતમાં કુલ ૧ લાખ ૩૪ હજાર ૫૧૬ વ્યક્તિએ આપઘાત કર્યો હતો. આ આંકડો વધીને ૨૦૧૯માં ૧ લાખ ૩૯ હજાર ૧૨૩નો થયો હતો. ખેતીવાડી સાથે સંકળાયેલા આપઘાતના આંકડામાં ૨૦૧૮માં ૩,૭૪૯ પુરુષોનો સમાવેશ હતો અને ૫૭૫ મહિલાઓ હતી. ૨૦૧૯માં ૫,૫૬૩ પુરુષો અને ૨૯૪ મહિલાઓ હતી. આ રિપોર્ટમાં જણાવાયા મુજબ પશ્ચિમ બંગાળ, ઓરિસા, બિહાર, ઉત્તરાખંડ, મણીપુર, ચંડીગઢ, દીવ-દમણ, દિલ્હી, લક્ષદ્વીપ અને પુડુચેરીમાં એક પણ ખેડૂતે કે ખેતમજૂરી આપઘાત કર્યાનો બનાવ બન્યો નહોતો. બીજી બાજુ આપઘાતના કિસ્સાઓમાં બિહારમાં (૪૪.૭) ટકા, પંજાબમાં (૩૭.૫ ટકા), ઝારખંડમાં (૨૫ ટકા), ઉત્તરાખંડમાં (૨૨.૬ ટકા) અને આંધ્ર પ્રદેશમાં (૨૧.૫ ટકા)નો વધારો નોંધાયો હતો.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 11

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

ગોધરા તાલુકાના કલ્યાણા ગ્રામ પંચાયતના

વિવિધ વિકાસના કામોમાં કૌભાંડ અંગે તપાસની માંગ કરતાં ગ્રામજનો

- છેલ્લા બે વર્ષ દરમ્યાન આર.સી.સી. રોડ તથા અન્ય કામો લાખોના કરાયા.
- જુદા-જુદા ફળીયામાં કામો નહી કરીને ગેરરીતિ આચરાઇ.
- લાખોના કામોની ગોબાચારીની તપાસ માટે રજૂઆત.

ગોધરા, ગોધરા તાલુકાના કલ્યાણા ગ્રામ પંચાયતમાં ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦માં મંજુર થયેલ વિકાસના કામોમાં ગેરરીતિ આચરવામાં આવી છે. ગ્રામ વિસ્તારમાં મંજુર થયેલ કામો સ્થળ ઉપર નહી કરી માત્ર કાગળ ઉપર કામો થયેલ છે. તેવા વિકાસલક્ષી કામોની સ્થળ તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી છે. ૬.૫૦ લાખની ગેરરીતિ સંદર્ભે ગ્રામજનોમાં રોષ વ્યાપતા તંત્ર તપાસ કરે તે અનિવાર્ય છે.

ગોધરા તાલુકાના કલ્યાણા ગ્રામ પંચાયતમાં ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦માં સરકારની વિવિધ યોજનાઓમાં વિકાસલક્ષી કામો મંજુર થયેલ હતા. ગ્રામ પંચાયતના રાણીયાવી મુવાડીના પરમાર ફળીયામાં સી.સી.રોડ માટે ૨,૫૦,૦૦૦/-રૂપીયા મંજુર થયેલ છે. જે કામ આજદિન સુધી સ્થળ ઉપર કરવામાં આવ્યું નથી. ગ્રામ પંચાયત દ્વારા આ કામને માત્ર કાગળ ઉપર પૂર્ણ બતાવી દેવામાં આવ્યું છે. રાણીયાવી મુવાડીના મંદિર ફળીયાના વિકાસલક્ષી કામો માટે ૩,૦૦,૦૦૦/- લાખ રૂપીયાના વહીવટી મંજુરી થયેલ છે. સ્થળ ઉપરથી હકીકત જોવા જઈએ તો રાણીયાવી મુવાડી ફળીયામાં સત્તગુરૂ સાહેબનું મંદિર એકલું આવેલ છે. આ સ્થળે મંદિર ફળીયું હયાત નથી. તેમ છતાં તમામ ગ્રાન્ટ ફકત કાગળ ઉપર બતાવીને ગ્રામ પંચાયતના તલાટી અને સરપંચ તથા લાગતા વળગતા કર્મચારીઓ ભેગા મળી કોઈપણ જાતના વિકાસ કામ કર્યા વગર સરકારી ગ્રાન્ટના નાણાં ઉપાડી લેવામાં આવ્યા છે. કલ્યાણા ગ્રામ પંચાયતના સરપંચના ઘર આગળ પેવર બ્લોક બેસાડવા માટે ૧,૦૦,૦૦૦/-લાખ રૂપીયા મંજુર કરેલ છે. જે સ્થળ ઉપર કામ થયેલ નથી. ત્યારે સરકાર દ્વારા ગ્રામ પંચાયત વિસ્તારોના વિકાસ માટે ફળવાતી લાખો રૂપીયાની ગ્રાન્ટોમાં વિકાસના કામો નહી કરીને સરકારી વિકાસલક્ષી કામો સ્થળ ઉપર નહી કરી માત્ર કાગળ ઉપર કામોને પુરા કરીને ગેરરીતિ આચરવામાં આવી છે. ત્યારે કલ્યાણા ગ્રામ પંચાયત વિસ્તારમાં ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦માં મંજુર થયેલ વિકાસલક્ષી યોજનાઓના કામોની સ્થળ તપાસ કરવામાં આવે તો ખૂબ મોટું કૌભાંડ બહાર આવી શકે છે. અત્રે નોંધનીય છે કે, ગોધરા તાલુકાના કલ્યાણ ગામમાં તાલુકા તંત્ર દ્વારા આ સમયગાળા દરમ્યાન ૬.૫૦ લાખ વિવિધ વિકાસના કામ માટે ફાળવવામાં આવ્યા હતા પરંતુ સ્થાનિક નેતાગીરી અને તંત્રની મિલીભગતથી પાણીના હેન્ડ પંપ તથા આર.સી.સી.રોડ સ્થળ ઉપર કરવામાં આવ્યા છે.

કલ્યાણા પંચાયત રાણીયાની મુવાડી ગામમાં વહીવટી મંજુરી વર્ષ-૨૦૧૮/૨૦૧૯/૨૦ના ઉપરોક્ત કામોની તપાસની માંગ કરાઈ રહી છે તેની યાદી

ગ્રામ પંચાયત	વહીવટી મંજુરીવાળા કામનું સ્થળ	કામનુ નામ	કામ પુર્ણ થયેલ ખર્ચ
કલ્યાણા	રાણીયાની મુવાડી મંદિર ફળિયા	સી.સી.રોડ	૩,૦૦,૦૦૦/-
કલ્યાણા	કલ્યાણા ખોડિયાર મંદિર ફળિયા	સી.સી.રોડ	૧,૦૦,૦૦૦/-
કલ્યાણા	રાણીયાની મુવાડી મંદિર ફળિયા	સી.સી.રોડ	૨,૫૦,૦૦૦/-
કલ્યાણા	કલ્યાણા ગામે	સ્ટ્રીટલાઈટ	૨,૦૦,૦૦૦/-
કલ્યાણા	કલ્યાણા ગામે	એલ.ઈ.ડી.લાઈટ	૧,૦૦,૦૦૦/-
કલ્યાણા	રાણીયાની મુવાડી ફળિયા	પમ્પિંગ મશીનરી	૧,૦૦,૦૦૦/-
કલ્યાણા	પાંદેળ ફળિયા	હયાતબોર ઉપર મોટર ટાંકી	--------
કલ્યાણા	રાણીયાની મુવાડી ફળિયા	પાઈપલાઈનનુ કામ	બીજો હપ્તો
કલ્યાણા	ગ્રામ પંચાયતની કચેરીમાં	ફર્નીચરનુ કામ	-------

વર્ષ-૧૯/૨૦માં ૧૧ લાખના કામોની પણ તપાસ થવી જોઈએ : ગ્રામજનો

જાણવા મળ્યા અનુસાર ભુતકાળમાં કરાયેલા કામો કે હાલ જે પ્રગતિમાં અર્થાત વર્ષ-૧૯/૨૦માં હાથ ધરાયેલા મોટાભાગના સ્ટ્રીટલાઈટ તથા આર.સી.સી.રોડમાં પણ ગેરરિતી આચરાઈ હોવાના આક્ષેપો ઉઠતા તપાસની માંગ ગ્રામજમાં જણાવી રહ્યા છે. જે તે વર્ષમાં મંજુર થયેલા કામોમાં રૂ.૩ લાખના મંદિર ફળિયાનો રોડ, રૂ.૧ લાખ નર્મદા કેનાલથી લીલાપુરા ફળિયા, રૂ.૧ લાખની જુના ધુસર મહાદેવ મંદિર, રૂ.૧ લાખનો ખોડિયાર મંદિર ફળિયુ, રૂ.૫૦ હજારનો જુનો ધુસર ફળિયુ, રૂ.૨.૫૦ લાખનો રાયણના મુવાડીનો પરમાર ફળિયુ, રૂ.૧ લાખની સ્ટ્રીટલાઈટ, રૂ.૧ લાખનો જુના ધુસર ફળિયુ, રૂ.૮૬ હજારનો અમરેશ્વર ફળિયુ, રૂ.૪ હજારનો ઈન્ફોર્મેશન બોર્ડનો સમાવેશ થાય છે. કલ્યાણા ગ્રામ પંચાયત ગ્રામ પંચાયત દ્વારા હાથ ધરાયેલા જુદા જુદા ફળિયાના રસ્તાઓ તકલાદી બનાવ્યા હતા. સરકારના નિયત પ્રમાણે અને ટેન્ડર મુજબ સામગ્રી નહિ વાપરીને બિનગુણવત્તા યુક્ત રસ્તાઓ બનાવ્યા હતા. તો કેટલાંક રસ્તાઓ સરકારી ચોપડે દર્શાવીને ખાપકી કરવામાં આવી હતી. એક અંદાજ મુજબ એક જ વર્ષમાં આશરે ૧૧ લાખના વિવિધ કામોની પણ તપાસ હાથ ધરવામાં આવે તો તંત્રને ભ્રષ્ટાચાર જણાઈ જાય તેવી શક્યતાઓ ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે. વહેલી તકે ડી.ડી.ઓ. દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ છે. જો કે આ પૈકી મહત્વના કામો ગ્રામ પંચાયતે અર્થાત તત્કાલિન સરપંચ તથા અન્ય સભ્યો મળીને વિકાસના નામે સરકારી નાણાંનો વ્યર્થ થયાના આક્ષેપો ઉઠ્યા છે.

પંચમહાલ જીલ્લામાં આજે ૩૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૧૫૪૭ થયો

- ૨૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૩૨૪.
- મૃત્યુ આંક - ૭૫.

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૩૩ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૩૨ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૧૪૭૪ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૪૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૮, હાલોલ-૧૩, શહેરા-૦૨ કાલોલ-૦૮, ઘોઘંબા-૦૧,કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૦૮, હાલોલ-૧૩, શહેરા-૦૨ કાલોલ-૦૮, ઘોઘંબા-૦૧

-: ગોધરા :-

નિકીતાબેન હિરેન પટેલ-૩૦ વર્ષિય મહિલા મોદીની વાડી, ચેતનાબેન યગ્નેશ-૫૨ વર્ષિય મહિલા નવરંગ સોસાયટી, કમલેશ આત્મરમાની-૫૨ વર્ષિય પુરૂષ ઝુલેલાલ સોસાયટી, મહેન્દ્ર પટેલ-૩૫ વર્ષિય પુરૂષ કાંકણપુર, જયેશકુમાર રતીલાલ-૫૨ વર્ષિય પુરૂષ આનંદનગર ઝાફરાબાદ, ગિરીશ પી.છતાની -૩૬ વર્ષિય પુરૂષ પાવર હાઉસરોડ, ડો.ગૌરાંગ સોની-૨૮ વર્ષિય પુરૂષ મહેલોલ, શાર્દુલ ગર્જર-૪૬ વર્ષિય પુરૂષ નંદનવન સોસાયટી,

-: કાલોલ :-

કલ્પેશ દરજી-૪૩ વર્ષિય પુરૂષ નવાપુરા, કૃણાલ મોરે-૨૪ વર્ષિય પુરૂષ નવાપુરા, ચંદનબેન પારેખ-૫૨ વર્ષિય મહિલા મહાલક્ષ્મી ચોક, ક્રિષ્ણાબેન પારેખ-૩૨ વર્ષિય મહિલા મહાલક્ષ્મી ચોક, યશ કુમાર દવે-૨૯ વર્ષિય પુરૂષ મહાલક્ષ્મી મંદિર પાસે, કલ્પના બેન દવે -૫૮ વર્ષિય મહિલા મહાલક્ષ્મી મંદિર પાસે, દિલીપકુમાર દવે-૬૦ વર્ષિય પુરૂષ મહાલક્ષ્મી મંદિર પાસે, નીતાબેન પારેખ-૫૫ વર્ષિય મહિલા પુજી ફળિયુ

-: હાલોલ :-

ચિરાગ સોની-૨૭ વર્ષિય પુરૂષ શિવરાજપુર, ધ્રુવ પટેલ-૨૫ વર્ષિય પુરૂષ કંજરી રોડ, રવિ બારીયા-૨૫ વર્ષિય પુરૂષ પાવાગઢ રોડ, સુભાશ વર્મા-૫૮ વર્ષિય પુરૂષ ગાયત્રીનગર, પિંકેશ રૂપલ-૨૯ વર્ષિય પુરૂષ મઘાસર, રક્ષા પાલ-૧૯ વર્ષિય મહિલા શિવશકિત પાલ, સુખદેવ ધનકાર-૩૨ વર્ષિય પુરૂષ આમ્રપાલી, રામદિજ રામ-૩૩ વર્ષિય પુરૂષ ધવલપાર્ક, શારદા જાદવ-૫૪ વર્ષિય મહિલા આમ્રપાલી, રામ રામવિલા-૨૨ વર્ષિય પુરૂષ ગીતાનગર, ખુશ્બુ રાણા-૨૩ વર્ષિય મહિલા એકસરે ગ્રીન સોસાયટી, ઉપેન્દ્ર શાહ-૬૩ વર્ષિય પુરૂષ આમ્રપાલી,

-: શહેરા :-

જીતેશ કુમાર સોલંકી-૨૪ વર્ષિય પુરૂષ રામપુરા ગોકુલપુરા, સાર્થમકુમાર સોની-૩૦ વર્ષિય પુરૂષ વ્યાસવાડા,

-: ઘોઘંબા :-

વિનોદ શાહિન-૩૦ વર્ષિય પુરૂષ મંદિર ફળિયુ રણજીતનગર

પાવાગઢ યાત્રધામ ખાતે ભાદરવી પૂનમે મોટી સંખ્યામાં ભાવી ભકતો દર્શન માટે આવ્યા

તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ, સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગર પર બિરાજમાન મહાકાળી માતાજી ના દર્શન કરવા માટે ભકતો દુર દુર થી આવતા અને મંદિર નું પરિસદ માતાજી નાં નામ થી ગુજી ઉથયું.

હાલમાં કોરોનાની મહામારી સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે ત્યારે યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગર પર બિરાજમાન મહાકાળી માતાજીના મંદિરે હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ માતાજીના મંદિરે દર્શન કરવા આવી રહ્યા છે ત્યારે મહાકાળી માતાજી ના પાવન પવિત્ર ધામ પાવાગઢ ખાતે ભકતો દર્શન કરી ને ધન્યતા અનુભવી રહ્યા છે.

પાવાગઢ ખાતે ભાદરવી પૂનમ ને લઈને યાત્રાળુઓ મોટી સંખ્યામાં દર્શન કરવા માટે ઉમટી પડ્યા જ્યોરે આજ રોજ કોરાના ની મહામારી ને લય મહાકળી માતાજીનું મંદિર માં સરકારી ગાઈડલાઈનનું પાલન કરી માય ભકતો દર્સન કરી રહિયા છે. વરસાદને કારણે પાવાગઢ કુદરતી સૌંદર્ય ખીલી ઊઠે છે ત્યારે મહાકાલી ના દર્શને આવેલા શ્રદ્ધાળુઓ દર્શન કરી કુદરતી સૌંદર્યનો નજારો માણી રહ્યા છે.

કોરોનાને પગલે રૂપાણી કેબીનેટનો મોટો નિર્ણય

ધારાસભ્યોના પગારમાં મુક્યો ૩૦ ટકાનો કાપ

ગાંધીનગર, કોરોના મહમારી સંદર્ભે રાજ્ય સરકારે આજે મળેલી કેબિનેટની બેઠકમાં વધુ એક નિર્ણય લીધો છે. ધારાસભ્યોના પગારમાં ૩૦ ટકાનો જે કાપ મુક્યો છે તે અંગેનું વિધાનસભા સત્રમાં વિધેયક લાવવામાં આવશે. આ અંગે સંસદીય રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે વિશ્વૈક મહામારી કોરોના સંદર્ભે રાજ્ય સરકારે ધારાસભ્યો, મંત્રીઓ, વિપક્ષના નેતા અને વિધાનસભાના અધ્યક્ષના પ્રવર્તમાન મૂળ પગારમાં ૧ એપ્રિલ થી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી એક વર્ષના સમયગાળા માટે ૩૦ ટકા કાપ મુકવાનો અગાઉ નિર્ણય કર્યો હતો. જે અંગે એપ્રિલ, ૨૦૨૦માં વટ હુકમ બહાર પાડી તેનું અમલીકરણ કરવામાં આવ્યું છે. આ સંદર્ભે આગામી વિધાનસભા સત્રમાં આ અંગેનું વિધેયક લાવવામાં આવશે. આ નિર્ણયથી પદાધિકારીઓ અને ધારાસભ્યોના પગારમાં ઘટાડો થતા એક વર્ષના ગાળામાં અંદાજે રૂા. ૬ કરોડ ૨૭ લાખની બચત થશે. જે રકમ કોરોના સામેની લડતના ખર્ચ માટે વાપરી શકાશે.

મંત્રી જાડેજાએ ઉમેર્યું કે કોરોના મહામારીના સંદર્ભમાં નાણાકીય ખર્ચમાં બચત થાય તે ઉદ્દેશથી રાજ્ય સરકારે અનેકવિધ પગલા લીધા છે. ત્યારે કેટલાક ધારાસભ્યો અને પદાધિકારીઓ દ્વારા વ્યક્તિગત રીતે રાજ્ય સરકારને નાણાકીય મદદ કરવા માટે તત્પરતા દર્શાવાયેલી હતી. આ અંગે એક સમાન નીતિ અખત્યાર કરવાના હેતુથી રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ધારાસભ્યો અને પદાધિકારીઓના મુળ પગારમાં ૩૦ ટકાનો કાપ એપ્રિલ, ૨૦૨૦થી એક વર્ષના સમયગાળા માટે અમલી રહે તે રીતની જોગવાઇ કરતો વટહુકમ બહાર પાડી સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો નિર્ણય કરી તેની અમલવારી શરૂ કરી છે.

મંત્રીએ આગળ કહ્યું કે આ વટહુકમની જોગવાઈઓ વિધાનસભાના આગામી સત્રમાં વિધેયક સ્વરૂપે લાવવી જરૂરી હોઈ, રાજ્ય મંત્રીમંડળની આજે મળેલી બેઠકમાં આ વિધેયક લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને આગામી વિધાસસભા સત્રમાં આ વિધેયક દાખલ કરી ગૃહની મંજૂરી મેળવી કાયદાનું સ્વરૂપ આપવામાં આવશે. પ્રદિપસિંહે વધુમાં ઉમેર્યું કે, ધારાસભ્યો અને અન્ય પદાધિકારીઓના પગારમાં જે રીતે એક વર્ષ માટે ૩૦ ટકાનો પગાર કાપ મુકવામાં આવ્યો છે તે જ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા જે નિવૃત્ત કર્મચારીઓ/અધિકારીઓને કરાર આધારિત નિમણૂંક આપવામાં આવી છે તેમને મળતા પગારમાં પણ ૩૦ ટકા કાપ એક વર્ષના સમયગાળા માટે મુકવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

રાજકોટ શહેરમાં સીઝનનો ૧૫૨ ટકા વરસાદ, કોઠારીયામાં લોકોને પીવાના પાણીના વલખા

રાજકોટ, રાજકોટ જિલ્લામાં સીઝનનો ૧૬૧ ટકા વરસાદ વરસ્યો છે. તો રાજકોટ શહેરમાં સીઝનનો ૧૫૨ ટકા વરસાદ વરસ્યો છે. હાલ રાજકોટ શહેરને પાણી પૂરુ પાડતા તમામ ડેમ ઓવરફ્લો થયા છે. તેમ છતાં લોકોને પાણી માટે વલખા મારવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. રાજકોટના કોઠારીયા વિસ્તારના લોકોને પાણી માટે વિરોધ કરવો પડ્યો હતો. ભરચોમાસામાં લોકોને પાણી માટે વિરોધ કરવા પડે તે જ મોટી કઠનાઈ છે. રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારના સ્થાનિકોને પાણીની અછતને પગલે વિરોધ કરવાની ફરજ પડી હતી. લોકોને પાણી ન મળતા લોકો રસ્તા પર આવી ચઢ્યા હતા. રાજકોટના જળાશયો છલોછલ ભરાયા છતાં કોઠારીયા વિસ્તારમાં લોકોને પાણી નથી મળી રહ્યું. કોઠારીયા સોલવન્ટ ફાટક નજીક મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષો વિરોધ કરવા પહોંચ્યા હતા. રસ્તા પર ચક્કાજામ કરી 'પાણી આપો'ની માંગ કરવામાં આવી હતી. ૫ વર્ષ પહેલા આ વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવવામાં આવ્યો છતાં તે કેટલીક પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. જેમાં પાણીની સુવિધા પણ સામેલ છે. તો બીજી તરફ વિરોધ પ્રદર્શનને પગલે પોલીસ દોડતી થઈ હતી. પરંતુ રાજકોટમાં પોલીસ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો ભૂલી હીત. કોઠારીયા વિસ્તારમાં મહિલાઓએ મોટાપાયે વિરોધ કર્યો હતો. ત્યારે પોલીસે મહિલાઓની અટકાયત કરી હતી. અટકાયત બાદ પોલીસે એક ઈકો કારમાં આઠ મહિલાઓને બેસાડી હતી. આમ, પોલીસે સોશિયલ ડિસ્ટન્સ વગર મહિલાઓને ઈકો કારમાં બેસાડી હતી.

વડોદરા વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ થયા કોરોના સંક્રમિત

વડોદરા, વડોદર વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કોરોના થયો છે. ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનો રિપોર્ટ પોઝિટિવ આવતા સારવાર હેઠળ છે. ધારાસભ્યને કોરોના આવતા ખાનગી હોસ્પિટલમાં થયા દાખલ કરવામાં આવ્યા છે. સુરત, અમદાવાદ અને રાજકોટ બાદ હવે વડોદરામાં કોરોનાના કેસ વધી રહ્યાં છે. વડોદરામાં વધુને વધુ નેતાઓ કોરોનાના ઝપેટમાં આવી રહ્યાં છે. આવામાં ભાજપનાં ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કોરોના સંક્રમિત બન્યા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં વાઘોડિયાનાં ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. તેઓને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ત્યારે મધુ શ્રીવાસ્તવનાં સંપર્કમાં આવેલ તમામ લોકોને ક્વોરેન્ટાઇન કરાયા છે. તાજેતરમાં તેમનાં પીએનું પણ કોરોનાને લીધે મૃત્યુ થયું હતું.

રાજ્યમાં ભારે વરસાદને પગલે ૨૪૧ રસ્તાંઓ બંધ કરવાની ફરજ પડી

ગાંધીનગર, રાજ્યમાં વરસાદને પગલે ૨૪૧ રસ્તાંઓ બંધ કરવાની ફરજ પડી છે. નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે સહિત પંચાયત હસ્તકના રસ્તાં બંધ કરાયા છે. પંચાયત હસ્તકના ૨૦૩ રસ્તાં બંધ કરવામાં આવ્યા છે. ઉત્તર દક્ષિણ અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્ર વિસ્તારના અનેક રસ્તાંઓ બંધ કરાયા છે. ૧ નેશનલ હાઈવે તેમજ ૩૭ સ્ટેટ હાઈવે અને જિલ્લાને જોડતાં ૧૮ મુખ્ય રસ્તાં બંધ કરવામાં આવ્યા છે. કેટલાક સ્થળે ડાયવર્ઝન અપાયું છે.તો ક્યાંક રસ્તાંનું નિર્માણ કામ ચાલુ છે.

રાજ્યના ૩૯ તાલુકામાં મેઘો મહેરબાન, કુલ ૧૨૧% વરસાદ

ગાંધીનગર, રાજ્યમાં ૨૪ કલાકમાં વરસાદનું જોર ઘટ્યું છે. આંકડા પ્રમાણે વાત કરીએ તો ગુજરાતનાં ૩૯ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમા સૌથી વધુ બનાસકાંઠાના અમીરગઢમાં ૧.૩૬ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે સાબરકાંઠાના પોશીનામાં ૧.૧૨ ઈંચ, કચ્છનાં રાપરમાં ૧.૧૧ ઈંચ, અને ભાવનગરનાં તળાજામાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. આ સાથે અમદાવાદ શહેરમાં ૧૯ એમએમ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે હવે બંગાળની ખાડીમાં જે લૉ પ્રેશર સર્જાયા બાદ સિસ્ટમ બની હતી તે પાકિસ્તાન તરફ ફંટાઈ ગઈ છે. જેના પગલે હવે આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની શક્યતા નથી. આ સમાચારથી ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે.

રાજ્યમાં મોસમનો સરેરાશ વરસાદ ૧૨૧.૦૫ ટકા થયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૨૫૬.૧૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૬૩.૧૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૦૩.૨૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૦૪.૬૫ ટકા અને પૂર્વ મધ્ય ગુજરાતમાં ૮૮.૫૭ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ૯૪ તાલુકાઓમાં ૧૦૦૦ મીમીથી વધુ વરસાદ, ૧૩૪ તાલુકાઓમાં ૫૦૧થી ૧૦૦૦ મીમી સુધી, ૨૩ તાલુકાઓમાં ૨૫૧થી ૫૦૦ મીમી સુધી વરસાદ છે. આ સાથે રાજ્યના ૨૦૫ જળાશયો પૈકી ૧૦૦ ટકાથી વધુ ભરાયેલા ડેમ ૧૦૩ છે. રાજ્યમાં કુલ ૬૨ નદીઓ અને ૭૮ મોટા તળાવ ઓવરફલો થયા છે. વરસાદને કારણે રાજ્યનાં કુલ ૨૭૧ રસ્તાઓ અસરગ્રસ્ત થતા તે બંધ કરવામાં આવ્યા છે.